| | |
|---|---|
| **દાખલ તારીખ** | **૧૬ – ૦૮ – ૨૦૧૪** |
| **કેશ નોંધણી તારીખ** | **૧૬ – ૦૮ – ૨૦૧૪** |
| **કેશ ફેંસલ તારીખ** | **૦૯ – ૦૪ – ૨૦૨૧** |

**<u>અમદાવાદ (ગ્રામ્ય) ના મે.એડી. જયુડી.મેજી.ફ.ક સાહેબની કોર્ટમાં.મુ.: મીરઝાપુર, અમદાવાદ.</u>**

**<u>ક્રિમીનલ કેસ નં :– ૬૬૯૧/૨૦૧૪</u>**
**આંક :**

**ફરિયાદી :– શ્રી સરકાર.**

## <u>વિરુધ્ધ</u>

**આરોપી :– કાળાભાઈ ગોતાભાઈ રાઠોડ,**

રહે. વડવાળુ ફળીયુ, મીરજાપુર ડેરીની પાછળ,

તા.કઠલાલ, જી.ખેડા.

**<u>ગુનો:– ભારતીય દંડ સંહીતાની કલમ – ૨૭૯, ૩૩૭ તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭,૧૮૪ મુજબ.</u>**

| | |
|---|---|
| ફરિયાદપક્ષ તર્ફે | વિ.એ.પી.પી. શ્રી એસ.જે.ગૌતમ |
| આરોપી તર્ફે | વિ.વ.શ્રી આર.આર.ખત્રી |

## <u>:: ચૂકાદો ::</u>

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૭/૬/૧૪ કલાક ૨૧/૦૦ વાગે અમદાવાદ કઠલા હાઈવે રોડ ઉપર કુંજાડ બાયપાસ રોડ બાકરોલ ચોકડીથી થોડે દુર પીયાગો રીક્ષા નં.જી.જે ૭ વી.ડબલ્યુ ૮૧૦૧ ની પુર ઝડપે અને બે ફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી અંદર બેઠેલ ફરીયાદીને ડાબા હાથની કોણીના ભાગે તથા ડાબા હાથની ટચલી આગળીની ઉપર ઈજા પહોંચાડી

તથા સાહેદ નં.૪ રતીલાલ નાઓને જમણા પગે ઢીંચણ ઉપર તથા ગળાની ડાબી બાજુ ઈજા પહોંચાડી તેમજ છાતીની જમણી બાજુ પાસળીઓ ઉપર ફેકચર કરી તથા સાહેદ નં.૭ ભીખાભાઈ નાઓને બન્ને પગે ઢીંચણ ઉપર તથા બરડાના ભાગે મુઢ ઈજા પહોંચાડી એકસીડન્ટ કરી ગુન્હો કરેલ હોય. જેથી સદર બનાવની ફરીયાદીએ કણભા પો.સ્ટે. ફસ્ટ ગુન્હા રજીસ્ટ્રર નંબર.૬૪/૨૦૧૪ થી ભારતીય દંડ સંહીતાની કલમ – ૨૭૯, ૩૩૭ તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭,૧૮૪ મુજબની ફરીયાદ નોંધેલ.

**(૨)** સદર ગુનાના તપાસ અમલદારએ આરોપી વિરુધ્ધ પુરતાં પુરાવા મળતાં આરોપી વિરુધ્ધ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૧૭૩ (૨) મુજબ નામદાર કોર્ટમાં ચાર્જસીટ કરેલ છે. ત્યારબાદ આરોપીને સમન્સ કાઢતાં તેઓ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલા છે. ત્યારબાદ આરોપીએ  ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૦૭ મુજબ વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપેલી છે અને આરોપીની આંક : ૦૫ થી પ્લી રેકર્ડ કરેલ છે. આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા આરોપી વીરુધ્ધની આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે છે.

**(૩)** ફરીયાદ પક્ષે પોતાના કેસની પુષ્ટીમાં નીચે  મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલ છે.

(૧) આંક : ૦૯ થી સાહેદ રતીલાલ શનાભાઈ ગોહેલની જુબાની.

(૨) આંક :  ૧૪ થી ફરીયાદી જગદિશભાઈ ભીખાભાઈ ઝાલાની જુબાની.

**(૪)** ફરીયાદ પક્ષે પોતાના કેસની પુષ્ટીમાં નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૧) આંક : ૧૫ થી ફરીયાદ.

**(૫)** ફરીયાદ પક્ષે ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવાને આધારે કોર્ટના નીચે મુજબના મુદ્દા હાલના  કેસના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થિત થાય છે:–

(૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું પુરવાર કરે છે કે, આરોપીએ તા.૭/૬/૧૪ કલાક ૨૧/૦૦ વાગે અમદાવાદ કઠલા હાઈવે રોડ ઉપર કુંજાડ બાયપાસ રોડ બાકરોલ ચોકડીથી થોડે દુર પીયાગો રીક્ષા

નં.જી.જે ૭ વી.ડબલ્યુ ૮૧૦૧ ની પુર ઝડપે અને બે ફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી અંદર બેઠેલ ફરીયાદીને ડાબા હાથની કોણીના ભાગે તથા ડાબા હાથની ટચલી આગળીની ઉપર ઈજા પહોંચાડી તથા સાહેદ નં.૪ રતીલાલ નાઓને જમણા પગે ઢીંચણ ઉપર તથા ગળાની ડાબી બાજુ ઈજા પહોંચાડી તેમજ છાતીની જમણી બાજુ પાસળીઓ ઉપર ફેકચર કરી તથા સાહેદ નં.૭ ભીખાભાઈ નાઓને બન્ને પગે ઢીંચણ ઉપર તથા બરડાના ભાગે મુઢ ઈજા પહોંચાડી એકસીડન્ટ કરીને ભારતીય દંડ સંહીતાની કલમ – ૨૭૯, ૩૩૭ તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે.?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દા અંગે આ કોર્ટનો ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.:–

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણય પરત્વેના કોર્ટના કારણો નીચે મુજબ છે.

## –: <u>કારણો</u> : –

**<u>મુદ્દા નં.૧ : –</u>**

**(૭)** આરોપી સામેનો હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે. ફોજદારી કાનુન શસ્ત્રોના સિધ્ધાંત મુજબ આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષને વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો હોય છે. ફરીયાદપક્ષે ગુન્હાના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાનો ભારતીય પુરાવા અધિનીયમ મુજબ પુરાવાની દ્રષ્ટીએ નીચે મુજબનું મુલ્યાકન કરવામાં આવે છે.

**(૮)** ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનો આક્ષેપ પુરવાર કરવા માટે આંક : ૦૯ થી સાહેદ રતીલાલ શનાભાઈ ગોહેલને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં, ''હુ હાલ જી.આઈ.ડી.સી. ખાતે ખાંડલા કંપનીમા નોકરી કરુ છુ. અગાઉ હુ

કઠવાડા જી.આઈ.ડી.સી. ખાતે આવેલ શ્રી રામ એલ્યુમીનીયમ કંપનીમા નોકરી કરતો હતો. બનાવ આશરે છ સાત વર્ષ અગાઉ બનેલો. ચોકકસ તારીખ મને યાદ નથી. બનાવ રાતના આઠ વાગેના સુમારે કુંજાડ બાય પાસ રોડ ઉપર વળાંકમા બનેલો. બનાવ વખતે હુ મારી ફેકટરીએ થી મોટી પેસેન્જર રીક્ષામા બેસીને મારા ઘર તરફ જતો હતો. રીક્ષામા મારી સાથે બીજા દસ થી બાર પેસેન્રો હતા. બનાવ વખતે રીક્ષા ચાલકે રીક્ષા રોડ ઉપર પડેલ માટીના ઢગલા ઉપર ચઢાવી દીધેલ. જેથી, રીક્ષા પલટી ખાય ગયેલ. જેથી, હુ નીચે પડતા રીક્ષા મારી ઉપર પડેલી અને મને છાતીના ભાગે તથા ગળાના ભાગે અને ઘુંટણ ઉપર ઈજા થયેલી. ત્યારબાદ ૧૦૮ આવી જતા મને બાપુનગર જનરલ હોસ્પીટલ ખાતે સારવાર માટે લઈ ગયેલા અને ત્યારબાદ સીવીલ હોસ્પીટલ ખાતે લઈ ગયેલ. જયાં મે સારવાર કરાવેલી. બનાવ બાબતે પોલીસે મારુ નીવેદન લીધેલુ. અકસ્માત કરનાર રીક્ષાનો નંબર મે જોયેલ નથી. અકસ્માત કરનાર રીક્ષા ચાલકને હુ જોયે ઓળખી શકુ. જે અમારા બાજુના ગામ મીરજાપુરનો છે. આરોપી તરફે આરોપીના વ.શ્રી દ્વારા આંક : ૧૦ થી હાજરી માફીનો રીપોર્ટ રજુ થયેલ છે. જેમા આરોપીની ઓળખની તકરાર નથી. બનાવ સમયે રીક્ષા ચાલક દારુ પીધેલ હતો અને ખુબજ વધારે સ્પીડમા રીક્ષા ચલાવતો હતો. તેને અમો પેસેન્જરોએ ધીમે ચલાવવાનુ વારંવાર કહેવા છતા તેણે ફુલ સ્પીડમા રીક્ષા ચલાવવાનુ ચાલુ રાખેલ. રીક્ષાનો નંબર મે પોલીસને લખાવેલ કે કેમ તેની મને ખબર નથી. '' તેવી હકીકત જણાવે છે તેમજ આરોપીના વિ.વ.શ્રી નાઓ તર્ફેની ઉલટતપાસમાં, બનાવ બન્યો ત્યારે હાઈવે ઉપર લાઈટો ન હતી અને હાઈવે ઉપર અંધારુ હતુ. તેઓએ તેમના પોલીસ રુબરુના નીવેદનમા એવુ લખાવેલ નથી કે, રીક્ષાનો ચાલક તેની રીક્ષા પુર ઝડપે ચલાવતો હતો અને રીક્ષામા બેસેલ અન્ય પેસેન્જરોને તેઓ ઓળખતા નથી. વધુમાં સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, એક પેસેન્જરને ઓળખે છે અને જયારે રીક્ષા પલટી ખાય ગઈ ત્યારે બાદ તેઓ બેભાન અવસ્થામાં હતા અને તેમને તેમના પોલીસ રુબરુના નીવેદનમા એવુ લખાવેલ નથી કે, તેઓએ સીવીલમા સારવાર લીધેલી અને રીક્ષામા દશથી વધારે પેસેન્જર હોવાથી રીક્ષા

ચલાવતી વખતે રીક્ષા ચાલકનો રીક્ષા પર કાબુ રહેલ નહી તેવી હકીકત કબુલ રાખે છે.

(૯) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનો આક્ષેપ પુરવાર કરવા માટે આંક : ૧૪ થી ફરીયાદી જગદિશભાઈ ભીખાભાઈ ઝાલાને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં, ''બનાવ આશરે પાંચ થી છ વર્ષ પહેલા બનેલો. બનાવ વખતે હુ તથા બીજા માણસો સાથે નોકરીએથી છુટી ઓઢવ રીંગ રોડ સર્કલથી રીક્ષામા બેસી અમારા ઘર તરફ જતા હતા. દરમ્યાન કણભા કુંજાડ બાયપાસ રોડ કુંજાડ પુલ પાસે જતા રીક્ષાની લાઈટ બંધ થઈ ગયેલ અને થોડા આગળ કુંજાડ બાકરોલ ચોકડીથી થોડા દુર રાતના નવેક વાગ્યાની આસપાસ રીક્ષાના ડ્રાયવરે રીક્ષાને પુરઝડપે બેફીકરાઈ રીતે બંધ લાઈટે રીક્ષા ચલાવી રોડની કિનારી પાસે માટીના ઢગલા ઉપર ચડાવી દઈ રીક્ષાને પલટી ખવડાવેલ. જેમા મને ડાબા હાથની કોણીના ભાગે તથા ડાબા હાથની ટચલી આંગળીની બાજુની આંગળીની આંગળી ઉપર વાગેલ અને મારી સાથે બેઠેલ માણસને પણ વાગેલ અને ઓઢવ સર્કલથી રીક્ષામા બેઠેલ માણસને પણ વાગેલ. ત્યાં ઘણા બધા માણસો ભેગા થયા હોય ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ આવી ગયેલ અને અમોએ સારવાર લીધેલ. બનાવ બાબતે મે પોલીસ ફરીયાદ કરેલી. મને ફરીયાદની ઝેરોક્ષ નકલ બતાવવામા આવે છે. જેમા મારી સહી ઓળખી બતાવુ છુ. આ તબકકે બચાવપક્ષના વિ.વ.શ્રીને ઝેરોક્ષને આંકે પાડવા સામે વાંધો ન હોય, ફરીયાદની ઝેરોક્ષ નકલ ને રજુ દા. આંક : ૧૫ આપવામા આવે છે. મે અકસ્માત કરનાર રીક્ષાનો નંબર જોયેલ નથી કે ચાલકને પણ હુ જોયે ઓળખી શકુ નહી. '' તેવી હકીકત જણાવે છે. આમ, સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતાં ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી નાઓએ ફરી ગયેલા જાહેર કર્યા બાદ વિગતવારની ઉલટતપાસ કરેલ છે અને ઉલટતપાસમાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત લાવી શકેલ નથી તેમજ આરોપીના વિ.વ.શ્રી નાઓ તર્ફેની ઉલટતપાસમાં, તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને બનાવ વખતે મોટુ ટોળુ ભેગુ થયેલ હોય વાહનનો નંબર તેમને જોયેલ નથી અને તેમને પોલીસ ફરીયાદમાં કોઈ રીક્ષાનો નંબર લખાવેલ નથી

અને તેઓનું ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે તેવી હકીકત કબુલ રાખે છે.

(૧૦)ફરીયાદપક્ષ તરફે હાલના કેસના ફરીયાદી તથા સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી અને ફરીયાદપક્ષ જાતે જ પંચ સાહેદો કે હાલના કેસના પોલીસ અધિકારીને તપાસવા માંગતા ન હોય. જેથી, ફરીયાદપક્ષ તર્ફે આંક :૧૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. વધુમાં,હાલના કેસના ફરીયાદી કે જેઓ બનાવમાં ભોગ બનનાર મહત્વના સાહેદ હોય તેઓ જ જયારે પોતાના કેસની હકીકતોને સમર્થન કરતાં નથી ત્યારે તે સંજોગોમાં સદરહું કેસના પંચો કે તપાસ કરનાર અધિકારીને તપાસવાનો પણ કોઈ અર્થ રહેતો નથી. ફરીયાદી તર્ફે રજુ કરવામાં આવેલ કલોઝીંગ પુરસીસ ઉપર સરકારી વકીલશ્રી તર્ફે કોઈ વાંધો લેવામાં આવેલ નથી. તે પણ ધ્યાને લેતાં, સદર કલોઝીંગ પુરસીસ ગ્રાહય રાખવામાં આવે છે. ત્યારબાદ સદરહું કેસના આરોપીને કોઈ પુરાવા કે વધુ કોઈ રજુઆત કરવી હોય તે અંગે તક આપવામાં આવેલ પરંતુ આરોપી કે તેમના વિ.વ.શ્રી કોઈ રજુઆત કરવા માંગતા ન હોય, જેથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી અને ત્યારબાદ સદરહું કામમાં આરોપીના વિ.વ.શ્રી તથા ફરીયાદપક્ષના વિ.એ.પી. પી.શ્રી નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૧૧) આમ, ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ ઉપરોકત તમામ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં ફરીયાદી નાઓ કે જેઓએ બનાવ નજરે જોયેલ નથી અને તેઓને બનાવની જાણ બનાવ બન્યા બાદ થયેલ હતી તેમજ સદર ફરીયાદી ઉલટાનું પોતાની ઉલટમાં, તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને બનાવ વખતે મોટુ ટોળુ ભેગુ થયેલ હોય વાહનનો નંબર તેમને જોયેલ નથી અને તેમને પોલીસ ફરીયાદમાં કોઈ રીક્ષાનો નંબર લખાવેલ નથી અને તેઓનું ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે તેવી હકીકત કબુલ રાખે છે. વધુમાં હાલના કામે તપાસેલ સાહેદ કે જેઓ બનાવ સમયે હાજર હતા તેઓ પોતાની જુબાનીમાં, વાહન ચાલક પોતાની રીક્ષા સ્પીડમાં ચલાવતો હતો અને રીક્ષા નંબર તેઓએ જોયેલ નથી તેવી હકીકત જણાવે છે પરંતુ સદર સાહેદ પોતાની

જુબાનીની ઉલટતપાસમાં તેમજ પોતાના પોલીસ નીવેદનમાં હાલના કેસના આરોપી પોતાનું આક્ષેપીત વાહન પુરઝડપે ચલાવતા હતા તેવી કોઈ હકીકત જણાવેલ નથી કે લખાવેલ નથી વધુમાં આક્ષેપીત વાહન કોણ ચલાવતુ હતુ તેમજ આરોપીની ઓળખ અંગેની કોઈ માહીતી જણાવતા નથી તથા સદર કામે તપાસેલ સાહેદ કે જેઓ બનાવ સમયે બનાવ સ્થળે હાજર હતા તેમ છતાં હાલના કેસના આરોપીએ જ પોતાના આક્ષેપીત વાહનથી અકસ્માત કરેલ હોવાની કોઈ હકીકત તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવતા નથી તેમજ સદર સાહેદ પોતાની જુબાનીમાં હાલના કેસના આરોપી જ વાહન ચલાવતા હતા તેવી હકીકત જણાવે છે પરંતુ તેઓની બેદરકારીના કારણે કે પુરઝડપે ચલાવવાથી અકસ્માત થયેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ નથી તેમજ સદર હકીકત માની લઈએ તો પણ બનાવ કેવી રીતે બનેલ અને તેમાં કોની બેદરકારી હતી તે સ્પષ્ટ થયેલ નથી. વધુમાં બનાવ સમયે હાલના આરોપી વાહન ચલાવતા હતાં કે કેમ ? તે હકીકત રેકર્ડ પરથી જણાઈ આવતી નથી. આથી, હાલના આરોપીએ પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવેલ હોય તેવી હકીકતને સ્પષ્ટપણે સમર્થન પ્રાપ્ત થયેલ નથી. આ કામના આક્ષેપીત ગુનાની કલમના મહત્વના તત્વોમાં બેફામ પણે અથવા બેદરકારીપૂર્વક કરવામાં આવેલ કૃત્ય છે અને તેવો નિષ્કર્ષ આપવામાં આવે તો જ આ કલમ લાગુ પડી શકે અને વધુમાં ગુનામાં રાખવામાં આવેલી બેદરકારીના તત્વો માટે અનુમાન કરી શકાય નહી પરંતુ બેદરકારી પુરવાર થવી જોઈએ આ કામે રજુ થયેલ પુરાવાં ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદપક્ષે આરોપીનો ગુનોકરવાનો ઈરાદો સાબીત કરવો જોઈએ જે રજુ થયેલ પુરાવા ઉપરથી હાલના આરોપી વાહન બેદરકારી અને નિષ્કાળજીપૂર્વક વાહન હંકારતાં હોવાની તેમજ પુરઝડપે ચલાવતાં હોવાની અને આરોપી ગુન્હા હીત માણસ હોવાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જાહેર માર્ગ ઉપર માનવ જીંદગી જોખમાય અથવા કોઈને ઈજા થાય તેવી સંભાવના હોય તથા વાહન ચાલક પોતાનું વાહન બેદરકારીપૂર્વકકે બેફામપણે ચલાવતા

હતાં તેટલી હકીકત પુરવાર થાય તો જ કલમ–૨૭૯ હેઠળનો ગુનો સાબિત થયો ગણાય. આ કામે આરોપીએ બેફિકરાઈ, બેદરકારી અને ગફલતથી વાહન ચલાવેલ હોય તેવું પુરવાર થતું નથી. આમ, આ કામે પુરતાં પુરાવાનો અભાવ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે અને પુરતા પુરાવાનો અભાવ હોય ત્યારે તે સંજોગોમાં આરોપીને સજા કરી શકાય નહી તેમ મારું નમ્રપણે માનવું છે. તેથી આરોપી પોતાનું વાહન પુરઝડપે ચલાવતા હતા તે હકીકત નિ:શંકપણે પુરવાર થયેલ નથી અને આરોપીની રેસ એન્ડ નેગ્લીજન્સી નિ:શંકપણે સાબીત થયેલ નથી. આમ, આરોપીએ તા.૭/૬/૧૪ કલાક ૨૧/૦૦ વાગે અમદાવાદ કઠલા હાઈવે રોડ ઉપર કુંજાડ બાયપાસ રોડ બાકરોલ ચોકડીથી થોડે દુર પીયાગો રીક્ષા નં.જી.જે ૭ વી.ડબલ્યુ ૮૧૦૧ ની પુર ઝડપે અને બે ફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી અંદર બેઠેલ ફરીયાદીને ડાબા હાથની કોણીના ભાગે તથા ડાબા હાથની ટચલી આગળીની ઉપર ઈજા પહોંચાડી તથા સાહેદ નં.૪ રતીલાલ નાઓને જમણા પગે ઢીંચણ ઉપર તથા ગળાની ડાબી બાજુ ઈજા પહોંચાડી તેમજ છાતીની જમણી બાજુ પાસળીઓ ઉપર ફ્રેકચર કરી તથા સાહેદ નં.૭ ભીખાભાઈ નાઓને બન્ને પગે ઢીંચણ ઉપર તથા બરડાના ભાગે મુઢ ઈજા પહોંચાડી એકસીડન્ટ કરી ગુન્હો કરેલ હોય તેવુ ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ પુરાવાથી વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાથી સમર્થન મળેલ ન હોય કે પુરવાર થયેલ નથી. આમ, ફરીયાદપક્ષના આરોપી વિરુધ્ધના તહોમતનામાંના ગુન્હાનો બનવાના તત્વો વાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય જેથી મુદ્દા નં.૧,નો જવાબ '' નકાર '' માં આપી, મુદ્દા નં. ૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

**(૧)** આ કામના આરોપી **કાળાભાઈ ગોતાભાઈ રાઠોડ** ને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સહિતાની કલમ– ૨૭૯, ૩૩૭ તથા મોટર

વ્હીકલ એકટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે ફોજદારી કાર્યરીતી સંહીતા (૧૯૭૩) ની કલમ– ૪૩૭(એ) ની જોગવાઈઓ ધ્યાને રાખી આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે તથા જો જુના જામીન ના હોય તો નવા જામીન રૂા.૫,૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના આપ્યેથી અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૯, માહે.એપ્રિલ સને : ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૦૯/૦૪/૨૦૨૧**
**સ્થળ : અમદાવાદ**

**(માલવિકા પુરોહિત)**
**એડી.જયુડી મેજી.ફ.ક.**
**અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.**
**UIC NO G J 01351**

**R. D. Vasava (Steno)**